Series FH1EG

SET ~ 4

Q.P. Code **10**

Roll No. | | | | | | | | |

Candidates must write the Q.P. Code on the title page of the answer-book.

- આ પ્રશ્નપત્રમાં **15** પાના છે તે તપાસી લેવું.
- આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તર-પુસ્તિકામાં અવશ્ય લખવાનો રહેશે.
- આ પ્રશ્નપત્રમાં **15** પ્રશ્નો છે તે તપાસી લેવું.
- **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા ઉત્તર-પુસ્તિકામાં પ્રશ્ન સિરિયલ નંબર અચૂક લખવો.**
- આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે. 10.15 કલાકે થી 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે અને આ સમયમાં ઉત્તર-પુસ્તિકામાં કોઈ ઉત્તર લખવા નહીં.
- Please check that this question paper contains **15** printed pages.
- Q.P. Code given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **15** questions.
- **Please write down the serial number of the question in the answer-book before attempting it.**
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the candidates will read the question paper only and will not write any answer on the answer-book during this period.

# ગુજરાતી
# GUJARATI

સમય સીમા : **3** કલાક | કુલ અંક : **80**

Time allowed : **3** hours | Maximum Marks : **80**

*General Instructions :*

*(i)* *Question paper is divided into **Four** sections.*

*(ii)* *It has total **15** questions.*

*(iii)* ***Section A** : Reading Comprehension Question No. **1** to **2**.*

*(iv)* ***Section B** : Literature Question No. **3** to **4**.*

*(v)* ***Section C** : Applied Grammar Question No. **5** to **8**.*

*(vi)* ***Section D** : Literature Question No. **9** to **15**.*

*(vii)* *Attempt questions as per specific instructions.*

*(viii)* *Write questions no. in answer book before attempting it.*

**સામાન્ય સૂચનો :**

*(i)* *આ પ્રશ્નપત્રમાં **ચાર** વિભાગો છે.*

*(ii)* *પ્રશ્નપત્રમાં કુલ **15** પ્રશ્નો છે.*

*(iii)* ***પ્રથમ વિભાગ** : અપઠિત છે જેમાં પ્રશ્ન **1** થી **2** છે.*

*(iv)* ***બીજો વિભાગ** : સાહિત્ય છે જેમાં પ્રશ્ન **3** થી **4** છે.*

*(v)* ***ત્રીજો વિભાગ** : વ્યાકરણ છે જેમાં પ્રશ્ન **5** થી **8** છે.*

*(vi)* ***ચોથો વિભાગ** : સાહિત્ય છે જેમાં પ્રશ્ન **9** થી **15** છે.*

*(vii)* *વિશિષ્ટ સૂચનાઓ પ્રમાણે પ્રશ્નોના જવાબ આપો.*

*(viii)* *પ્રશ્નનો જવાબ આપતા પહેલા ઉત્તર-પુસ્તિકામાં પ્રશ્ન નંબર લખો.*

## SECTION – A
### (Reading Comprehension)

1. નીચે આપેલો ગદ્યખંડ વાંચી, આપેલા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ પસંદ કરી લખો : $5 \times 1 = 5$

કર્મ કરનારાઓની વૃત્તિ બેવડી હોય છે. અમે કર્મ કરીએ તો તે કર્મનાં ફળ અમે ચાખ્યા વગર ન રહીએ, અમારો એ હક છે. એ એક વૃત્તિ છે અને એથી ઉલટી બાજુ, અમને ફળ ચાખવા ન મળવાનાં હોય તો અમે કર્મ કરવાના નથી. એ ઊઠવેઠ અમે શા સારુ કરીએ ? એ બીજી વૃત્તિ છે. ગીતા ત્રીજી એક વૃત્તિનું પ્રતિપાદન કરે છે. ગીતા કહે છે, 'કર્મ તો કરો જ પણ ફળનો અધિકાર રાખશો નહીં.' કર્મ કરનારને ફળનો હક છે પણ તમારો એ હક રાજીખુશીથી છોડી દો. રજોગુણ કહે છે, 'લઈશ તો ફળની સાથે લઈશ.' તમોગુણ કહે છે, 'છોડીશ, ફેંકી દઈશ તો ફળ સાથે કર્મને પણ ફેંકી દઈશ.' બન્ને એકબીજાના પિતરાઈ છે. એનાથી ઉપર જઈ શુદ્ધ સત્વગુણી થાઓ. કર્મ કરી તેનું ફળ છોડો અને ફળ છોડી કર્મ કરો. આગળ કે પાછળ કર્મ કરતાં પહેલાં કે તે પાર પાડ્યા પછી ફળની આશા રાખશો મા. ફળની આશા રાખો મા એમ કહેતી વખતે કર્મ સારામાં સારું થવું જોઈએ, એમ ગીતા ઠોકી ઠોકીને કહે છે. 'સકામ પુરુષાર્થના કર્મ કરતાં નિષ્કામ પુરુષનું કર્મ વધારે સારું થવું જોઈએ.' એ અપેક્ષા તદ્દન બરાબર છે. કેમ કે સકામ પુરુષ ફળને વિશે આસક્ત હોવાથી ફળ બાબતના સ્વપ્ન-ચિંતનમાં તેનો થોડોઘણો વખત બગાડ્યા વગર નહીં રહે અને એની થોડીઘણી શક્તિ વેડફાયા વગર નહીં રહે કારણ કે ફળની ઈચ્છા વગરના પુરુષની એકેએક ક્ષણ અને બધી શક્તિ કર્મ પાર પાડવામાં વપરાશે.

**પ્રશ્નો :**

I. એક પ્રકારની વૃત્તિના લોકો ઊઠવેઠ કરવાની ના કેમ કહે છે ?

(A) કર્મનું ફળ મેળવવા માટે

(B) કર્મનું ફળ ન મળવાનું હોય તો કર્મ કેમ કરવું તે માટે

(C) કર્મના ફળ ચાખવા માટે

(D) કર્મના ફળ માટેની બેવડી વૃત્તિ માટે

II. ગીતામાં કહેવાયેલી વાત બીજી વૃત્તિ કરતાં કઈ રીતે જુદી છે ?

(A) કારણ કે તે વાત કૃષ્ણે કહી છે.

(B) તેમાં કર્મનું બંધન છે.

(C) તે બેવડી વૃત્તિવાળી છે.

(D) તેમાં કર્મ કરવાનું કહ્યું છે પણ ફળની આશા રાખવાની ના કહી છે.

III. લેખકે અહીં કયા ગુણની વાત કરી છે ?

(A) રજોગુણ (B) તમોગુણ

(C) સત્વગુણ (D) બધાં જ

IV. લેખક કયા ગુણનું આચરણ કરવાનું કહે છે ?

(A) રજોગુણ (B) તમોગુણ

(C) સત્વગુણ (D) બધાં જ

V. લેખકના મતે કયુ કર્મ વધારે સારું થવું જોઈએ એમ કહે છે ?

(A) નિષ્કામ (B) સકામ

(C) ચિંતનશીલ (D) સ્વપ્ન-ચિંતનશીલ

2. નીચેનું કાવ્ય વાંચી, આપેલા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ પસંદ કરી લખો : 5 × 1 = 5

એક એવું ઘર મળે, આ વિશ્વમાં –

જ્યાં કશા કારણ વિના પણ જઈ શકું !

એક એવું ઓગણું કે જ્યાં મને –

કોઈપણ કારણ વગર શૈશવ મળે.

એક, બસ એક જ મળે એવું નગર,
જ્યાં ગમે ત્યારે અજાણ્યો થઇ શકું !
'કેમ છો ?' એવું ય ના કહેવું પડે –
સાથ એવો પંથમાં ભવ ભવ મળે !

એક એવી હોય મહેફિલ, જ્યાં મને
કોઈ બોલાવે નહીં ને જઈ શકું !
એક ટહુકામાં જ આ રૂંવે રૂંવે
પાનખરના આગમનનો રવ મળે !

તોય તે ના રંજ કંઈ મનમાં રહે :
અહીંથી ઊભો થાઉં ને મૃત્યુ મળે !     – માધવ રામાનુજ

**પ્રશ્નો :**

I. કવિ કેવું ઘર માંગે છે ?

(A) સુંદર

(B) આ વિશ્વમાં એક મોટું ઘર

(C) જ્યાં કશા કારણ વગર જઈ શકાય

(D) જ્યાં કોઈ રાહ જોતું ઊભું હોય

II. કવિને આંગણું કેમ જોઈએ છે ?

(A) વૃદ્ધાવસ્થા ગાળવા.

(B) પોતાની નવરાશની – હળવી પળોમાં ત્યાં બેસી જિંદગી માણવા.

(C) પોતાની યુવાની માણવા.

(D) પોતાના બાળપણને માણવા.

III. કવિને કેવો સાથ જોઈએ છીએ ?

(A) કોઈપણ પ્રકારની ઔપચારિકતા ન કરવી પડે તેવો આત્મીયતાનો.

(B) કેમ છો ! એમ કહીને વાત કરી શકાય તેવો.

(C) ભવોભવ મળે તેવો.

(D) પંથમાં ભેગા થઈને આનંદ થાય તેવો.

IV. કવિ કેવી મહેફિલની વાત કરે છે ?

(A) જ્યાં ઔપચારિકતા વગર, વગર આમંત્રણે જઈ શકાય.

(B) ઔપચારિકતા બતાવવી પડે તેવી.

(C) અનૌપચારિકતા ન હોય તેવી.

(D) રંજ ન રહી જાય તેવી.

V. કવિને ગમતી (કવિએ ઇચ્છેલી) બધી વસ્તુઓ મળે તો કવિને શેનો રંજ નહીં રહે ?

(A) પાનખરનો (B) બધું જ પામ્યાનો

(C) મૃત્યુનો (D) કોઈ મળી ન શક્યાનો

## SECTION – B

## (Literature)

3. નીચેના પ્રશ્નોના ઉત્તર યોગ્ય વિકલ્પ પસંદ કરી લખો : (કોઈપણ **પાંચ**) $5 \times 1 = 5$

I. કવિ રમણિક અરાલવાળાએ વડલાને માટે કયું વિશેષણ વાપર્યું છે ?

(A) મીઠાં ગીતો ગાતો (B) જીર્ણ

(C) મોટો (D) ગંભીર

II. 'હંકારી જા' કાવ્યમાં હોડીને શેનું પ્રતીક ગણી શકાય ?

(A) મોજનું (B) અહંકારનું

(C) દુઃખનું (D) ક્ષુદ્ર અસ્તિત્વનું

III. વડ અને પંખી વચ્ચેના સંબંધને તમે કેવો કહેશો ?

(A) સ્નેહ-ભાવનાનો સંબંધ (B) દુશ્મનાવટનો સંબંધ

(C) સ્નેહ-ધિક્કારનો સંબંધ (D) સ્નેહ-વિરોધનો સંબંધ

IV. 'લંગોટિયા બાળભેરુ' એટલે કેવા મિત્રો ?

(A) મોટી ઉંમરે બનેલા ભેરુ (B) અચાનક બનેલા મિત્રો

(C) બાળપણના મિત્રો (D) યુવા મિત્રો

V. "એકસરખા દિવસ સુખના" કાવ્યમાં કોને બળવાન ગણાવાયો છે ?

(A) માણસ (B) સ્ત્રી

(C) સમય (D) સુખ

VI. બા કઈ વાતનો સંતોષ અનુભવી રાજી થાય છે ?

(A) દીકરો પરણી ગયો એટલે

(B) દીકરાએ વિદેશમાં મોટું ઘર લીધું એટલે

(C) દીકરો ઠેકાણે પડી ગયો એટલે

(D) દીકરો બા જીવ્યા છે તેવી ભારતીય સંસ્કૃતિ પ્રમાણે જીવે છે એટલે

VII. ગામનાં ખેતરોમાં મબલખ પાક થયો છે એવું કયા વાક્યમાં દેખાય છે ?

(A) વાતાવરણમાં પ્રસરેલી ઠંડક પરથી.

(B) ક્ષેત્રેક્ષેત્રે અનિલલહેરે ડોલતાં અન્નપૂર્ણા

(C) હિંડોળાતાં હરિત તૃણ

(D) ઊડી રહ્યો વાવટો વ્યોમ ગેરું

4. નીચેના પ્રશ્નોના ઉત્તર યોગ્ય વિકલ્પ પસંદ કરી લખો : (કોઈપણ **પાંચ**) $5 \times 2 = 10$

I. 'અખાનો સંસાર ત્યાગ' એકાંકીના લેખક કોણ છે ?

(A) ચંદ્રવદન મહેતા (B) ચિનુ મોદી

(C) સતીશ વ્યાસ (D) રમણભાઈ નીલકંઠ

II. મનુ ચિરાયુની મદદ કઈ રીતે કરવાનું કહે છે ?

(A) એને સમજાવીને કે તે સિદ્ધપુરુષની માફી માંગી લે.

(B) તેને જાણ કરીને કે તું મનમાંથી ખરાબ વિચાર કાઢી નાંખ.

(C) તેને કહીને કે તું તારા માતા-પિતાની માફી માંગી લે.

(D) તેનું રેશમી વસ્ત્ર ઉતારીને ફેંકી દઈને.

III. ગોદીના મજૂરોની હડતાલ કોના પ્રયત્નથી વહેલી બંધ થઈ ?

(A) કાર્ડિનલ મેનિંગ (B) જોન બર્ન્સ

(C) નારાયણ હેમચંદ્ર (D) ગાંધીજી

IV. "લાગી હૈ લગનિયા ....." ગીત ગાતા ગાતા મેજર કયુ કામ કરતા ?

(A) ખેતી કરવાનું

(B) લોકોને ફક્ત ભજન સંભળાવતા

(C) આંબાને પાણી પાવાનું ને વાડોલા સરખા કરવાનું

(D) ખાદી કાંતવાનું

V. 'થીંગડું' વાર્તામાં કોના વર્તમાન અને ભૂતકાળના જીવનપ્રસંગો દર્શાવાયા છે ?

(A) મનુ (B) પ્રભાશંકર

(C) પાર્વતી (D) સિદ્ધપુરુષ

VI. પૂંજા મેજર નિંદા કરનારને શું સમજાવતા ?

(A) નિંદા કરવાની વૃત્તિ જડમૂળથી કાઢવામાં જ ભલાઈ છે.

(B) પરોપકાર કરવામાં જ વ્યક્તિની મહત્તા દેખાય છે.

(C) નિંદા કરનારે પોતાની હદમાં રહીને બોલવું જોઈએ.

(D) નિંદા કરનારની મિત્રતા જ ન કરવી જોઈએ કારણ કે આપણે પણ તેવા બની જઈએ.

VII. કુસુમ કેમ ઘર છોડી ચાલી જાય છે ?

(A) તેને યોગ્ય વર મળતો નથી માટે

(B) તેને લગ્ન કરવા નથી માટે

(C) તેના માતા-પિતાની તેવી ઈચ્છા હતી માટે

(D) તેના માતા-પિતા તેમની પસંદગીના છોકરા સાથે પરણાવવા માંગતા હતા માટે

## SECTION – C

## (Applied Grammar)

5. સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી, ઉત્તર લખો : (કોઈપણ **પાંચ**) $5 \times 1 = 5$

I. "પેટનું પાણી ન હલવું" રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) ખોટા હોવું (B) ખૂબ જ જાડા હોવું

(C) પેટમાં દુઃખવું (D) બેફિકર-નચિંત હોવું

II. "પેંગડામાં પગ ઘાલવો" રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) સામસામે આવી જવું (B) બરોબરી કરવી

(C) સ્પર્ધા કરવી (D) પેંડલ પર પગ મૂકવો

III. "આંખ લાલ થવી" રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) આંખનો રોગ થવો

(B) જાણી જોઈને ગુસ્સાનું નાટક કરવું

(C) ગુસ્સો આવવો

(D) આંખ આવવી

IV. "ગાંડા કાઢવા" રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) ખૂબ મોટેથી હસવું

(B) ગાંડા માણસને કાઢી મૂકવા

(C) ગાંડાની જેમ વર્તવું

(D) ગાંડા માણસો સાથે સારી રીતે વર્તવું

V. "વૈતરું કરવું" રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) ખરાબ કામ કરવું. (B) મજૂરી કરવી.

(C) નવરા બેસી રહેવું. (D) કામ કાઢવું.

VI. "ઘા વેઠવા" રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) ખૂબ જ દુઃખ સહન કરવું (B) ખૂબ જ ભાર લાગવો

(C) ખૂબ ઘા વાગવા (D) ખૂબ જ મજૂરી કરવી

6. સૂચના પ્રમાણે વિકલ્પ પસંદ કરી, ઉત્તર લખો : (કોઈપણ **ચાર**) $4 \times 1 = 4$

I. 'પાડાને વાંકે પખાલીને ડામ'. આ કહેવત જેવી બીજી કહેવત શોધો અને લખો.

(A) કર ભલા તો હો ભલા (B) વાડ થઈને ચીભડા ગળે

(C) કરે જગલો ને ભોગવે બગલો (D) આપ ભલા તો જગ ભલા

II. 'ઘરડાં ગાડા વાળે' આ કહેવતની વિરોધી કહેવત શોધો અને લખો.

(A) શકટનો ભાર શ્વાન જેમ તાણે (B) સો સુનારની એક લુહારની

(C) મોરનાં ઈંડા ચીતરવા ન પડે (D) સાઠે બુદ્ધિ નાઠી

III. 'શૂળીનો ઘા સોયથી સરવો' કહેવતનો અર્થ સમજાવો.

(A) ખૂબ મોટું નુકસાન થવું

(B) મોટું જોખમ કોઇ નાની આપત્તિથી પતી જવું

(C) ખૂબ શક્તિશાળી હોવું

(D) ખૂબ નબળા હોવું કે કાંઇ થઇ જ ન શકે.

IV. 'રાત થોડીને વેશ ઝાઝા' કહેવત સમજાવો.

(A) રાતે વેશ ભજવાય છે

(B) સમય ઓછો છે, કામ વધુ

(C) રાત લાંબી છે

(D) સવાર પડવામાં છે

V. 'ઠોઠ નિશાળિયાને વતરણાં ઝાઝા' કહેવતનો અર્થ શોધીને લખો.

(A) ઠોઠ વિદ્યાર્થીને બધા બહુ મારે

(B) ઠોઠ વિદ્યાર્થીને બહાના ઘણા હોય

(C) ઠોઠ વિદ્યાર્થીને કોઇ મદદ ન કરે

(D) ઠોઠ વિદ્યાર્થીને બધા ખૂબ જ મદદ કરે

7. સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી, ઉત્તર લખો : (કોઈપણ **ત્રણ**) $3 \times 1 = 3$

I. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય શોધીને લખો :

(A) ભાષાની મુસીબત અજાણ્યા દેશમાં અનુભવવી પડી.

(B) અજાણ્યા દેશમાં ભાષાની મુસીબત અનુભવવી પડી.

(C) અજાણ્યા દેશમાં મૂસીબત અનુભવવી પડી ભાષાની.

(D) ભાષાની અજાણ્યા મુસીબત દેશમાં અનુભવવી પડી.

II. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય શોધીને લખો :

(A) ગુરુજીએ શિષ્યને રામાયણની સરસ પાંચ ચોપાઇ લખવા આપી.

(B) સરસ રામાયણની પાંચ ચોપાઇ ગુરુજીએ શિષ્યને લખવા આપી.

(C) ગુરુજીએ શિષ્યને પાંચ રામાયણની સરસ ચોપાઇ લખવા આપી.

(D) રામાયણની પાંચ ચોપાઇ ગુરુજીએ શિષ્યને લખવા આપી.

III. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય શોધીને લખો :

(A) હું એને માટે ચમત્કારી રેશમી વસ્ત્ર આપું છું.

(B) ચમત્કારી રેશમી વસ્ત્ર એને માટે હું આપું છું.

(C) રેશમી ચમત્કારી વસ્ત્ર એને હું માટે આપું છું.

(D) હું એને માટે વસ્ત્ર રેશમી અને રેશમીનું આપું છું.

IV. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય શોધીને લખો :

(A) ફાટતી મૂછો ઉપર ભીના હાથ ફેરવતો બુધો બહાર આવ્યો.

(B) ભીની ફૂટતી મૂછો ઉપર હાથ ફેરવતો બૂધો બહાર આવ્યો.

(C) હાથ ફેરવતો બહાર આવ્યો બુધો ફૂટતી ભીની મૂછો પર.

(D) ફૂટતી મૂછો ઉપર ભીનો હાથ ફેરવતો બુધો બહાર આવ્યો.

8. નીચેનાં વાક્યોના સૂચના પ્રમાણે કાળ ઓળખાવો : (કોઈપણ **ત્રણ**) $3 \times 1 = 3$

I. નીચેનામાંથી વર્તમાનકાળનું વાક્ય શોધીને લખો :

(A) એણે મિત્રની ચડતી જોઈ હશે.

(B) એ મિત્રની ચડતી જુએ છે.

(C) એણે મિત્રની ચડતી જોઈ હતી.

(D) એણે મિત્રની ચડતી જોવાની થાય.

II. નીચેનામાંથી ભૂતકાળનું વાક્ય શોધીને લખો :

(A) એને કોઈની દૃષ્ટિમાં ખામી દેખાય છે.

(B) એ કોઈની દૃષ્ટિમાં ખામી જોઈ શકે છે.

(C) એ કોઈની દૃષ્ટિમાં ખામી જોશે.

(D) એને કોઈની દૃષ્ટિમાં ખામી દેખાતી હતી.

III. નીચેનામાંથી ભવિષ્યકાળનું વાક્ય શોધીને લખો :

(A) આખા રાજ્યમાં રાજકુમારીની વર્ષગાંઠ ધામધૂમથી ઉજવાશે.

(B) આખા રાજ્યમાં રાજકુમારીની વર્ષગાંઠ ધામધૂમથી ઉજવાઈ હતી.

(C) આખા રાજ્યમાં રાજકુમારીની વર્ષગાંઠ ધામધૂમથી ઉજવાય છે.

(D) આખું રાજ્ય રાજકુમારીની વર્ષગાંઠ ધામધૂમથી ઉજવે છે.

IV. નીચેનામાંથી ભૂતકાળનું વાક્ય શોધીને લખો :

(A) નારાયણ હેમચંદ્ર અને ગાંધીજી અન્નાહારી છે.

(B) નારાયણ હેમચંદ્ર અને ગાંધીજી અન્નાહારી હોવા જોઈએ.

(C) નારાયણ હેમચંદ્ર અને ગાંધીજી અન્નાહારી હતા.

(D) નારાયણ હેમચંદ્ર અને ગાંધીજી અન્નાહારી હશે.

## SECTION – D

## (Literature)

9. નીચેના પ્રશ્નોના **બે-ત્રણ** વાક્યમાં ઉત્તર લખો : (કોઈપણ **બે**) $2 \times 2 = 4$

I. ઘરના ઉંબરે રંગોળી શા માટે કરાય છે ?

II. વતન પાછા આવ્યા છતાં કવિને કેમ સંતોષ થતો નથી ?

III. ગંગાસતી જગતના વૈભવને કેવો ગણે છે ?

10. નીચેનામાંથી કોઈપણ **એક** પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખો : $1 \times 3 = 3$

I. પંખીઓની જગ્યાએ તમે હો તો વડલાને શું જવાબ આપો ?

II. ગંગાસતીએ આપેલો ઉપદેશ તમારા શબ્દમાં વર્ણવો.

III. કવિ પ્રભુલાલ દ્વિવેદી અભિમાન છોડવાનું કેમ કહે છે ?

11. નીચેનામાંથી કોઈપણ **ત્રણ** પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો : $3 \times 3 = 9$

I. કુસુમના લગ્ન વિશેના મનોભાવ જણાવી તેની યોગ્યતા જણાવો.

II. નારાયણ હેમચંદ્રનું ચરિત્ર તમારા શબ્દોમાં આલેખો.

III. મહીજીએ બુધાની પરીક્ષા કઈ રીતે લીધી ?

IV. અખાને વૈરાગ કેમ જાગે છે ?

V. પ્રભાશંકરનું જીવન અને થીંગડું શીર્ષક કઈ દૃષ્ટિએ યોગ્ય છે ?

12. નીચેના સાહિત્યકારોમાંથી કોઈપણ **એક**નો દસ-બાર વાક્યમાં પરિચય કરાવો : 4

I. ઉમાશંકર જોશી

II. દલપતરામ

## (Effective Writing Skill)

13. નીચેનામાંથી કોઈપણ **એક** વિષય પર આપેલા મુદ્દાઓને આવરી લઈ 250 શબ્દોમાં નિબંધ લખો : $1 \times 8 = 8$

I. ઔદ્યોગિક યુગમાં કૃષિનું મહત્ત્વ

– પ્રસ્તાવના – કૃષિ અને ખેત-પેદાશનો ઉપયોગ, તેનું મહત્ત્વ, પ્રકૃતિને નુકસાન ? – ઉદ્યોગોનું મહત્ત્વ, તેનો ઉપયોગ, તેનાથી થતું નુકસાન – ઉપસંહાર.

II. જળ છે તો જીવન છે.

– પ્રસ્તાવના – પાણીનું મહત્ત્વ – પાણીના સ્રોત – પાણીની અછત – પૃથ્વીના પેટાળમાં પાણીનું સ્તર, જીવન માટેની ઉપયોગિતા – ઉપસંહાર.

III. સાયબર સ્પેસ અને ઇન્ટરનેટ માનવ સંસ્કૃતિ માટે આશીર્વાદ કે શાપ ?

– પ્રસ્તાવના – ITનો જીવનમાં અંતઃપ્રવેશ – ITની ઉપયોગિતા – જરૂરિયાત – તેના ગેરફાયદા – સંસ્કૃતિ અને ઇન્ટરનેટ – ઉપસંહાર.

14. નીચેનામાંથી કોઈપણ **એક** અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો : 6

I. સહઅભ્યાસ પ્રવૃત્તિ તરીકે તમે લીધેલી પુસ્તકાલયની મુલાકાતનો અહેવાલ લખો.

**અથવા**

II. તમારી શાળામાં યોજાયેલ 'મોટીવેશનલ ટ્રેનિંગ સેમિનાર'નો અહેવાલ લખો.

15. નીચેનામાંથી કોઈપણ **એક** પત્ર આશરે 100 શબ્દોમાં લખો : 6

I. ચોમાસાની ઋતુમાં પાણી ભરાવા અને ગંદકી થવાના કારણે મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળ્યો છે. તેની જાણ કરતો અને યોગ્ય પગલા લેવાની ભલામણ કરતો પત્ર તમારા શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારીશ્રીને લખો.

**અથવા**

II. તમારું નાટક યુથ ફેસ્ટીવલમાં સ્ટેટ લેવલ (રાજ્ય કક્ષાની) હરીફાઈ માટે પસંદ થયું છે તો તે માટે શાળામાંથી રજા માંગતો પત્ર આચાર્યશ્રીને લખો.

---